# <u>ગ□જરાત રાજય વેરહાઉસ□ગ કોર્પોરેશન : અમદાવાદ.</u>

## <u>પ્રસ્તાવના</u>

આજના વર્તમાન યુગમાં દેશનો આર્થિક વિકાસ ખૂબજ મોટા પ્રમાણમાં થયેલ છે. જે વિકાસનો દર દરેક ક્ષેત્રની માર્કેટમાં પ્રસરેલ છે. ચાહે તે રીટેઈલ, મેન્યુફેકચરીગ, ટેકનોલોજી અથવા સર્વિસ સેકટર હોય અર્થકારણના દરેક પાસાઓમાં ઉદાહરણીય ફેરફાર જોવા મળેલ છે અને ત્યારથી વખાર સેવાનાં વિકાસની વાત ઉદભવે છે.

વખાર સેવાઓની કામગીરી હંમેશા લોકોની નજર બહારની સેવા રહેલ છે. પરંતુ દરેક અર્થતંત્રની પ્રવૃતિમાં વખાર સેવાઓનો મહત્વનો ફાળો રહેલ છે.

ગુજરાત રાજય હંમેશા વેપારમાં સફળ રહેલ છે અને તે માટે ગુજરાતના લોકો સાહસિક વૃતિ વાળા વેપારી તરીકે ઓળખાય છે, ચાહે તે શહેરના હોય કે ગામડાના આ પ્રકારના વેપાર વાણિજયની સૂઝ વાળા લોકોનો લાભ માટે ગુજરાત રાજય વેરહાઉસીગ કોર્પોરેશની સ્થાપના પાંચ દાયકા પહેલા થયેલ છે. ત્યારથી નિગમ ખેડૂતો અને વેપારીઓની જરૂરિયાત મુજબની સેવા પુરી પાડે છે.

## <u>નિગમની સ્થાપના</u> :–

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ વર્ષ ૧૯૫૦ માં ઓલ ઈન્ડીયા રૂરલ ક્રેડીટ સર્વે કમિટી નામની કમિટી અર્થશાસ્ત્રી શ્રી એ.ડી. ગોરવાલાનાં અધ્યક્ષપદે નીમી. આ રૂરલ ક્રેડીટ સર્વે કમિટીએ અભ્યાસ કરી વર્ષ ૧૯૫૪ માં તેમનો અહેવાલ સરકારને રજુ કર્યો. જેમાં જાહેર ક્ષેત્રનાં સરકારનાં ટેકાવાળી વેરહાઉસીગ સંસ્થાઓ ઉભી કરવાની ભલામણ કરવામાં આવી. આથી એગ્રીકલ્ચરલ પ્રોડયુસ ડેવલપમેન્ટ એન્ડ વેરહાઉસીગ કોર્પોરેશન એકટ–૧૯૫૬ નો કાયદો ભારત સરકારની પાર્લામેન્ટે પસાર કર્યો. જે પાછળથી રદ કરી ધી વેરહાઉસીગ કોર્પોરેશન્સ એકટ–૧૯૬૨ નો ધારો અમલમાં આવ્યો. આ ધારાઓમાં સૂચવ્યા મુજબ એક કેન્દ્રીય વખાર નિગમ અને પ્રત્યેક રાજયમાં એક વખાર નિગમની સ્થાપના કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો. આમ ૧૯૫૬નાં એગ્રીકલ્ચરલ પ્રોડયુસ ડેવલપમેન્ટ એન્ડ વેરહાઉસીગ કોર્પોરેશન એકટ અન્વયે ૧૯૫૮ માં કેન્દ્રીય વખાર નિગમની સ્થાપના કરવામાં આવી તેજ પ્રમાણે બોમ્બે સ્ટેટ વેરહાઉસીગ કોર્પોરેશન બન્યુ. અને ધ્વિભાષી મુંબઈ રાજય છુટું પડતાંધી વેરહાઉસીગ કોર્પોરેશન્સ એકટ, ૧૯૬૨ની કલમ–૧૮(૧) ની જોગવાઈ અનુસાર રાજય સરકાર ધ્વારા રાજય પત્રમાં જાહેરનામાથી અને કેન્દ્રીય વખાર નિગમની અનુમતિથી ગુજરાત રાજય વખાર નિગમની ગુજરાત સરકારે તા.૫–૧૨–૧૯૬૦ થી સ્થાપના કરેલ છે.

નિગમનો સ્થાપનાનો મૂળ ઉદ્દેશ વૈજ્ઞાનિક ઢબે ખેતપેદાશો અને સરકારશ્રી ધ્વારા ઘોષિત ચીજ વસ્તુઓનાં સંગ્રહ કરવા માટે તેમજ ધી વેરહાઉસીંગ કોર્પોરેશન એકટ–૧૯૬૨ ની કલમ–૨૪ માં જણાવ્યા મુજબ નીચે મુજબની પ્રવૃતિ કરવા જણાવવામાં આવેલ છે.

**<u>મુખ્ય પ્રવૃતિઓ</u>** :–

(૧) રાજયભરમાં ગોડાઉનો બાંધવા અને સંપાદન કરવા.

(૨) રાજયનાં ગોડાઉનોનો ખેતી વિષયક પેદાશો, બિયારણ, ખાતર, ખેતી વિષયક ઓજારો, ભારત સરકારે સંગ્રહ માટે ઘોષિત કરેલ ચીજવસ્તુઓનાં સંગ્રહ માટે ઉપયોગ કરવો.

(૩) કોર્પોરેશનનાં ગોડાઉનમાં ખેતી ઉત્પન્ન બિયારણ, ખાતર, ખેતી વિષયક ઓજારો અને ઘોષિત કરેલ ચીજવસ્તુઓ લાવવા લઈ જવાની વાહન વ્યવહારની સુવિધા પુરી પાડવી.

(૪) કૃષિ નીપજો, બિયારણ, ખાતર, ખેતી વિષયક સાધનો અને ઘોષિત કરેલ ચીજવસ્તુઓની ખરીદી, વેચાણ, સંગ્રહ અને વિતરણનાં મુખ્ય હેતુ માટે રાજય સરકાર કે સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશનનાં એજન્ટ તરીકે કામગીરી કરવી.

(૫) રાજય / કેન્દ્ર સરકાર ધ્વારા નિયત કરેલ કામગીરી કરવી.

**<u>ભૌતિક અને નાણાંકીય સિધ્ધિઓ</u>** :–

(૧) નિગમ ધ્વારા વર્ષ–૧૯૯૭ માં દશરથ (વડોદરા) ખાતે અન્ય ડાઈવર્સીફાઈડ એકટીવીટી તરીકે કન્ટેઈનર ફ્રેઈટ સ્ટેશન શરૂ કરવામાં આવેલ છે. જેની કામગીરી નિગમે સેન્ટ્રલ વેરહાઉસીંગ કોર્પોરેશનને કોન્ટ્રાકટ બેઈઝથી ૧૦ વર્ષ માટે આપેલ છે. જેનાં ધ્વારા નિગમને વર્ષે રૂા. ૯૦/– લાખથી વધારે આવક મળે છે.

(૨) વખારની સેવાઓ ઉપરાંત નિગમ ધ્વારા સંગ્રાહકોને વધારાની સેવા તરીકે હેન્ડલીંગ એન્ડ ટ્રાન્સપોર્ટેશન, આગ, ચોરી, ધરતીકંપ જેવા નુકશાનકર્તા બનાવોની સામે રક્ષણ આપવા માટે વીમા રક્ષણની સેવા, હેન્ડલીંગ, કલીયરીંગ અને સ્ટેવીડોરીંગની સેવા પુરી પાડવામાં આવે છે.

(૩) નિગમની સ્થાપના વખતે ૯૩૦ મે.ટનની સંગ્રહશકિતનાં ગોડાઉનથી શરૂઆત કરવામાં આવેલ જે આજની તા. ૧–૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજય ભરમાં કુલ ૪૫ કેન્દ્રો ખાતે નિગમનાં પોતાની માલિકીનાં ૧,૪૮,૧૫૬ મે.ટન કેપેસીટીનાં ગોડાઉન ગુજરાત ભરમાં સંગ્રહ માટે ઉભા કરેલ છે.

(૪) નિગમની સત્તાવાર શેર મૂડી રૂા. ૬/– કરોડ સામે ભરપાઈ થયેલ શેર મૂડી રૂા.૪/– કરોડ કે જેમાં રૂા.૨/– કરોડ રાજય સરકાર તથા રૂા.૨/– કરોડ સેન્ટ્રલ વેરહાઉસીગ કોર્પોરેશન તરફથી વખાર નિગમને (૫૦:૫૦) પ્રમાણે ફાળવેલ છે. જેની સામે નિગમ ઘ્વારા રાજય સરકારને તથા સેન્ટ્રલ વેરહાઉસીગ કોર્પોરેશનને રૂા. ૨.૫૦ કરોડ જેટલું ડિવીડન્ડ અત્યાર સુધીમાં ચૂકવેલ છે.

નિગમ ઘ્વારા વર્ષ ૨૦૦૯–૧૦ માં નફાને ઘ્યાનમાં લઈને ૧.૫૦% ડિવીડન્ડ તેનાં શેરહોલ્ડરશ્રીઓને રાજય સરકાર તથા સી.ડબલ્યુ.સી.ને આપવાનું નકકી કરેલ છે.

નિગમ ઘ્વારા છેલ્લા દશ વર્ષમાં તેનાં શેરહોલ્ડરશ્રીઓને ચુકવેલ ડિવીડન્ડની માહિતી નીચે મુજબ છે.

**પેઈડ અપ શેર કેપીટલ અને શેરહોલ્ડર્સને ચુકવેલ ડિવીડન્ડની વિગત દર્શાવતું પત્રક**

**૨૦૦૦–૦૧ થી ૨૦૦૮–૦૯**

( રૂપિયા લાખમાં )

| વર્ષ | રાજય સરકાર | | | સેન્ટ્રલ વેરહાઉસીગ કોર્પોરેશન | | |
|---|---|---|---|---|---|---|
| | શેર કેપીટલ રૂા. | ડિવીડન્ડ વ્યાજ દર | ડિવીડન્ડ રૂા. | શેર કેપીટલ રૂા. | ડિવીડન્ડ વ્યાજ દર | ડિવીડન્ડ રૂા. |
| ૨૦૦૦–૦૧ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ |
| ૨૦૦૧–૦૨ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ |
| ૨૦૦૨–૦૩ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ |
| ૨૦૦૩–૦૪ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ |
| ૨૦૦૪–૦૫ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ | ૨૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦૦ |
| ૨૦૦૫–૦૬ | ૨૦૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦૦ | ૨૦૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦૦ |
| ૨૦૦૬–૦૭ | ૨૦૦.૦૦ | ૩.૨૫ | ૬.૫૦૦ | ૨૦૦.૦૦ | ૩.૨૫ | ૬.૫૦૦ |
| ૨૦૦૭–૦૮ | ૨૦૦.૦૦ | – | – | ૨૦૦.૦૦ | – | – |
| ૨૦૦૮–૦૯ | ૨૦૦.૦૦ | ૩.૨૫ | ૬.૫૦૦ | ૨૦૦.૦૦ | ૩.૨૫ | ૬.૫૦૦ |
| | | રાજય સરકાર........... | ૩૩.૦૦૦ | | સી.ડબલ્યુ.સી. ......... | ૩૩.૦૦૦ |
| | | કુલ ચુકવેલ ડિવીડન્ડ...... | ૨૪૯.૨૮ | | | |

(૫) નિગમની ગુજરાતમાં ગોડાઉનો, ઓફીસ તથા જમીન તરીકે પોતાની મિલ્કતો ૪૨ કેન્દ્રો ઉપર આવેલી છે. તેની વર્ષ ૨૦૦૫ની સ્થિતિએ માર્કેટ કિંમતની આકારણી મુજબ રૂા.૪૧,૭૧,૫૯,૩૫૩/– થાય છે. જેની મૂળ કિંમત રૂા.૧૫,૭૮,૨૭,૧૩૪/– થાય છે.

(૬) નિગમનાં તમામ કર્મચારીઓની ગ્રેજયુઈટી તથા રજાનાં પગારનું રોકાણ નિગમ ધ્વારા એલ.આઈ.સી.માં કરેલ છે. તેમજ નિગમનાં કર્મચારીઓનું પી.એફ. ટ્રસ્ટ નિગમ હસ્તક છે. જેમાં પણ નિગમ ધ્વારા કર્મચારીનાં ફાળાનાં તથા નિગમનાં હિસ્સાની ડીસેમ્બર–૨૦૧૦ સુધીની રકમ નિયમીત નિગમે ચુકવેલ છે. જેથી નિગમનાં કર્મચારીઓની નિવૃતિસહ લાભોની ચુકવણીની જવાબદારી સંપૂર્ણ સુરક્ષિત નિગમ ધ્વારા કરવામાં આવેલ છે. નિગમ ઉપર કોઈ નાણાંકીય ભારણ નથી.

(૭) છેલ્લા દશ વર્ષ દરમ્યાન નિગમ ધ્વારા તેમની સંગ્રહની કામગીરી ઉપર સતત દેખરેખ રાખી તેમાં ઉત્તરોત્તર વધારો નોંધાવી તેમજ નિયત સંગ્રહ દરમાં વધારો કરીને મેનેજમેન્ટ ધ્વારા મોટા પ્રમાણમાં કરકસરના પગલાં લઈને ખોટ કરતા નિગમને કોઈપણ દેવાં (જવાબદારી) વગરનું એક માત્ર નિગમ, તેની છેલ્લા દશ વર્ષની આવકમાંથી નફો કરીને, ભૂતકાળની તમામ ખોટ ભરપાઈ કરીને, નફો કરતું નિગમ બનાવેલ છે.

(૮) નિગમની સંગ્રહશકિત સામે સરેરાશ સંગ્રહક્ષમતા છેલ્લા પાંચ વર્ષની નીચે મુજબ છે.

## <u>સરેરાશ સંગ્રહશકિત તથા વપરાશ</u>

| વર્ષ | નિગમની પોતાની સંગ્રહક્ષમતા (મે.ટનમાં) | નિગમ ધ્વારા ભાડે રાખેલ સંગ્રહક્ષમતા (મે.ટનમાં) | કુલ સંગહ ક્ષમતા (મે.ટનમાં) | કુલ સંગ્રહ ક્ષમતાનો ઉપયોગ (મે.ટનમાં) | ટકાવારીમાં સંગ્રહક્ષમતાનો ઉપયોગ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૫–૦૬ | ૧,૨૯,૩૭૩ | ૧,૩૦,૫૧૦ | ૨,૫૯,૮૮૩ | ૨,૨૦,૦૯૭ | ૮૪.૬૯% |
| ૨૦૦૬–૦૭ | ૧,૨૯,૩૭૩ | ૮૧,૦૧૧ | ૨,૧૦,૩૮૪ | ૧,૪૦,૭૪૯ | ૬૬.૯૦% |
| ૨૦૦૭–૦૮ | ૧,૨૯,૩૭૩ | ૧૦,૫૫૭ | ૧,૩૯,૯૩૦ | ૬૪,૨૨૪ | ૪૫.૯૦% |
| ૨૦૦૮–૦૯ | ૧,૨૯,૩૭૩ | ૨૯,૫૨૩ | ૧,૫૮,૮૯૬ | ૧,૦૯,૧૮૮ | ૬૮.૭૨% |
| ૨૦૦૯–૧૦ | ૧,૩૫,૯૦૮ | ૩૯,૩૯૬ | ૧,૭૫,૩૦૪ | ૧,૦૪,૬૬૧ | ૫૯.૭૦% |

(૯) નિગમની છેલ્લા પાંચ વર્ષની સંગ્રહ પ્રવૃતિ તેમજ ડાઈવર્સીફાઈડ એકટીવીટી દરમ્યાન નિગમની આવક–જાવકની માહિતી નીચે મુજબ રહેલ છે.

| વર્ષ | આવક | જાવક | નફો | નુકશાન |
|---|---|---|---|---|
| ૨૦૦૫–૦૬ | ૯,૬૪,૨૩,૯૬૭ | ૬,૧૪,૬૧,૨૩૯ | ૩,૪૯,૬૨,૭૨૮ | –– |
| ૨૦૦૬–૦૭ | ૬,૫૩,૬૬,૭૫૫ | ૫,૭૬,૦૯,૭૨૮ | ૭૭,૫૭,૦૨૮ | –– |
| ૨૦૦૭–૦૮ | ૩,૮૮,૭૬,૯૬૮ | ૪,૧૧,૯૩,૮૦૧ | – | ૨૩,૧૬,૮૩૩ |
| ૨૦૦૮–૦૯ | ૫,૨૫,૦૬,૬૦૯ | ૪,૫૮,૫૧,૮૫૦ | ૬૬,૫૪,૭૫૯ | –– |
| ૨૦૦૯–૧૦ | ૫,૩૭,૮૫,૪૮૧ | ૫,૧૦,૭૫,૧૮૫ | ૨૭,૧૦,૨૯૬ | –– |

(૧૦) ગુજરાત રાજય વેરહાઉસીગ કોર્પોરેશનને ઈન્સ્ટીટયુટ ઓફ ઈકોનોમીકસ સ્ટડી, ન્યુ દિલ્હી તરફથી **'એક્ષેલન્સ એવોર્ડ–૨૦૦૫'** વર્ષ–૨૦૦૫ દરમ્યાન એક્ષેલન્સ ઈન પ્રોડકટીવીટી, કવોલીટી, ઈન્સ્પેકશન એન્ડ મેનેજમેન્ટ માટે માનનીય નવલકિશોર શર્મા, રાજયપાલશ્રી, ગુજરાત રાજયના હસ્તે એવોર્ડ અર્પણ થયેલ છે.

(૧૧) ગુજરાત રાજય વેરહાઉસીગ કોર્પોરેશનને ભારતના નેશનલ પ્રોડકટીવીટી કાઉન્સીલ તરફથી વર્ષ ૨૦૦૪–૦૫ નો વખાર ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી અંગે દેશભરમાં પ્રથમ એવોર્ડ મળેલ છે.

(૧૨) આઈ.સી.ડી./સી.એફ.એસ., દશરથ કેન્દ્ર ખાતે દર માસે સી.ડબલ્યુ.સી. તરફથી નિગમને રકમ રૂા.૮/– લાખ ભાડું ચુકવે છે તેમાં ૨૫% વધારો કરવા નિગમે ચાલુ સાલે માંગણી કરેલ છે તેથી આવકમાં રૂા.૨/– લાખનો વધારો થશે.

(૧૩) સી.સી.આઈ. તરફથી માહે જાન્યુઆરી–૨૦૧૧ માસથી વિપુલ પ્રમાણમાં રૂની ગાંસડીઓનો સંગ્રહ ચાલુ હોવાથી દર માસે આશરે રૂા.૮/– લાખ ની આવકમાં વધારો થશે.

(૧૪) ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા ધ્વારા ગુજરાતમાં ગોડાઉન બાંધવા અંતર્ગત તાજેતરમાં એક મીટીંગ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમની કચેરી, ગાંધીનગર ખાતે ઉચ્ચ કક્ષાએ એક મીટીંગ યોજવામાં આવેલ તેમાં નિગમના દશરથ, અમરેલી, પરાપીપળીયા ખાતે આવેલ નિગમની ખુલ્લી જમીન ઉપર સી.ડબલ્યુ.સી. તેમના ખર્ચે ગોડાઉન બાંધશે અને જમીનનું લીઝ રેન્ટ નિગમને

ચુકવશે તેનાંથી નિગમની આવકમાં આશરે રૂા.૪/– થી ૫/– લાખનો વધારો થશે. તેવી વિચારણા કરવામાં આવેલ. પરંતુ રાજ્ય સરકારના નિગમ બાબતના વિકાસના હકારાત્મક અભિગમોને ધ્યાનમાં લઈને આ બાબતમાં છેલ્લા અહેવાલ મુજબ નિગમ તરફથી પી.ઈ.જી. સ્કીમ હેઠળ ગુજરાત સરકારશ્રીની મદદ મેળવીને જરૂરી ગ્રાન્ટેબલ લોન મેળવી પોતાની માલિકીના ૫૨,૦૦૦ મે.ટનના કેપેસીટી વાળા ગોડાઉન બાંધવા દરખાસ્ત રજુ કરેલ છે.

(૧૫) **<u>સંગ્રહશક્તિ અને કામગીરી</u>**

(૧) ગુજરાત રાજ્યમાં દરેક જિલ્લામાં નિગમ ધ્વારા ૪૫ કેન્દ્રો ચલાવવામાં આવી રહયા છે.

(૨) નિગમનાં પોતાની માલિકીનાં કુલ ગોડાઉનોની સંખ્યા ૨૧૦ છે.

(૩) નિગમની પોતાની કુલ સંગ્રહશક્તિ ૧,૪૫,૦૫૬ મે.ટન છે.

(૪) નિગમની ભાડાની સંગ્રહશક્તિ ૩,૧૦૦ મે.ટન તા. ૧–૦૨–૨૦૧૧ ની સ્થિતિએ છે.

(૫) કુલ સંગ્રહશક્તિ ૧,૪૮,૧૫૬ મે.ટન તા. ૧–૦૨–૨૦૧૧ ની સ્થિતિએછે.

(૬) કુલ સંગ્રહશક્તિનો ઉપયોગ ૮૪,૦૮૬ મે.ટન કરેલ છે.

(૭) ટકાવારી ૫૬.૭૬ %.